|| સનાતન પરમો ધર્મ ||
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર
સોસીયલ મિડીયા
પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

● સં -૨૦૭૮ ● માગસર વદ-૧૩ ● તા : ૦૧-૦૧-૨૨ ● શનિવાર SDP NO:621 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

ઓમીક્રોન કોરોનના ઓછાયા વચ્ચે વર્ષ ૨૦૨૨ ને આવકાર

ન્યુઝિલેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં પરંપરાગત રીતે ભવ્ય આતશબાજી થઈ : ભારતમાં કોરોના - ઓમિક્રોન વધતા કેસ વચ્ચે થર્ટી ફર્સ્ટ અને નવા વર્ષના આવકારની ઉજવણી ફિક્કી રહી

|| શ્રી ઉમિયાયે નમ: || || સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - મુંબઈ ઝોન
પાટીદાર વાડી, એલ.બી.એસ.માર્ગ,ઘાટકોપર (પ.)મુંબઈ-૪૦૦૦૮૬
ફોન : ૦૨૨-૨૫૧૨૧૬૬૬ e-mail : mumbaizone14@indiatimes.com

શ્રી કરમશીભાઈ લધા રામજીયાણી વિષય બાબત ખૂલાસો

શ્રી કરમશીભાઈ લધા રામજીયાણીએ તા . ૬ , ૭ , અને ૮ નવેમ્બર ૨૦૧૯ ના કુરબઈ સતપંથ સમાજના મંદિરના જીર્ણોદ્ધાર કાર્યક્રમ દરમ્યાન આપેલ વક્તવ્ય અંગે મુંબઈ ઝોનના હોદેદારો અને શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ –મુંબઈ ના પ્રમુખશ્રી અને મહામંત્રી શ્રી સાથે રહીને તા . ૨૮/૧૦/૨૦૨૧ ના રોજ ઘાટકોપર પાટીદાર વાડી મધ્યે કરેલ કાર્યવાહીની માહિતી આપવામાં આવેલ.

આ મીટિંગ મા કરમશીભાઈ પોતાની સાથે ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના ચાર પ્રતિષ્ઠિત વડીલોને પણ સાથે લાવેલ હતા.

આ મીટિંગ મા કરમશી ભાઈ એ પોતાના ઉપરોક્ત કાર્યક્રમ વખતના ઉદબોધન બદલ દિલગીરી વ્યક્ત કરેલ અને ભવિષ્ય મા આવું ફરીથી નહીં થાય તેની ખાત્રી આપેલ છે .

કારોબારી મીટિંગ મા શ્રી કરમશીભાઈ લધા રામજીયાણીનું નિવેદન વાંચી સંભળાવ્યા બાદ મુંબઈ ઝોનના હોદેદારો અને શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજે સમજદારી પૂર્વક અને સનાતની પરંપરા ને અનુરૂપ કાર્યવાહી કરેલ તે બદલ હાજર સર્વેએ ખુશી વ્યક્ત કરેલ અને તાળીઓથી વધાવી લીધેલ .

લી.- (૧) પ્રમુખશ્રી કાંતિભાઈ લખમશી લીંબાણી.
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ઝોન-મુંબઈ
(૨) પ્રમુખશ્રી - અમૃતભાઈ જયંતીલાલ સેંઘાણી
શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ.

સોર્યભુમીના આધુનિક શહેર રાજકોટ માં શાહી સ્વાગત ગુજરાત ના મુખ્યમંત્રી નું

તારીખ ૩૧-૧૨-૨૦૨૧, શુક્રવારના શુભ દિવસે રાજકોટવાસીઓએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ઉમળકાભેર વધાવ્યા.

કાઠિયાવાડી પરંપરા સાથે શાહી સ્વાગત કરવામાં આવ્યું. ભવ્ય રોડ-શૉ યોજાયો. ૩.૫ કિ.મી. (સાડા ત્રણ કિલોમીટર) લાંબા સડક માર્ગના રોડ-શૉ દરમિયાન મુખ્યમંત્રી ઉપર પુષ્પવૃષ્ટિ કરવામાં આવેલ.

રાજકોટ કડવા પાટીદાર સમાજના અગ્રણીઓમાં સર્વશ્રી સ્થાનિક સમાજના પ્રમુખશ્રી પ્રેમજીભાઈ જાદવાણી, મહામંત્રીશ્રી ઈશ્વરભાઈ દિવાણી,

સમાજના સદસ્યોશ્રી અર્જુનભાઈ સાંખલા, સંયોજક સનાતન ધર્મ પત્રિકા અને બંટીભાઈ જાદવાણી તથા યુવક મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ સાંખલા, યુવક મંડળના સદસ્યશ્રી પ્રવિણભાઈ ભાવાણી તેમજ સમાજના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

રાજકોટ શહેરની સમસ્ત જનતા એવમ્ તમામ સમાજો તથા એસોસિએશનો દ્વારા ભવ્યાતિભવ્ય રોડ-શૉમાં મુખ્યમંત્રીશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

ભવ્ય રોડ-શૉ અને જાજરમાન સત્કારથી મુખ્યમંત્રી થયા ગદગદ્... આજે તમે મારો વટ પાડી દીધો. હવે તમારાં બધાં કામ પૂર્ણ કરીને અમે અમારો વટ પાડી દઈશું.

એમના વ્યક્તવ્યમાં રાજકોટવાસીઓને મુખ્યમંત્રીશ્રીએ હૈયાધારણા આપેલ.

રાજકોટને રૂપિયા ૨૧૭ કરોડની ૨૦૨૨ નવા વર્ષની ભેટ.

ડ્રેનેજ - ફાયર સેફ્ટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂપિયા ૧૮૭ કરોડ તથા રસ્તા માટે રૂપિયા ૩૦ કરોડ ફાળવાશે.

સંયોજક :અર્જુનભાઈ સાંખલા, રાજકોટ.

સૌરાષ્ટ્ર રિજયનના રાજકોટમાં ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન

શ્રી રાજકોટ કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ માં આમંત્રણ માન આપીને ક્રિકેટ ખેલાડીઓનો ઉત્સાહ અને ઉમંગ વધારવા માટે સૌરાષ્ટ્ર રીજીયનના ચેરમેન, ડો.જયેશ ભગત, રીજીયન વાઇસ ચેરમેન દિલીપ સાંખલા, રીજીયન પ્રવક્તા ચેતન પોકાર, રિજીયન ડીવીઝનલ ચેરમેન રાકેશ ભાવાણી, રીજીયન સ્પોર્ટ્સ કન્વીનર દિનેશ સાંખલા, હેલ્થ એન્ડ ડીઝાસ્ટર, કાઉન્સિલના પીડીઓ, ડો.અમિતા ભગત અને રીજીયન કન્વીનર દિનેશ લીંબાણી, રિજીયન YSK કન્વીનર યોગેશ વાડિયા, રિજીયન પોલિટિકલ & લીડરશીપ કન્વીનર મનસુખ પોકાર, એજ્યુકેશન અને ટેલેન્ટ હન્ટના કન્વીનર વિનોદ ઘોઘારી,મેટ્રીમોનીઅલ કન્વીનર રાધા ઠાકરાણી તથા યશ ઠકરાણી

એ રુદ્ર શક્તિ ક્રિકેટ ગ્રાઉન્ડ, રાજકોટ- મોરબી હાઈવે, રતનપર રાજકોટ ખાતે હાજર રહી ઉત્સાહમાં વધારો કર્યો હતો.

રાજકોટ યુવક મંડળની જ્યાં ટુર્નામેન્ટ રમાય છે તે રુદ્ર શક્તિ ક્રિકેટ ગ્રાઉન્ડ, મોરબી રોડને ત્યાં મેદાન લીલા ઘાસથી ભરપૂર હતું તેમજ આજુબાજુ ઉંચી ઉંચી નાળિયેરી નો નજારો જ રમણીય લાગતો હતો, જેમ ઇન્ટરનેશનલ મેચ રમાતી હોય તેઓ ભાસ થતો હતો,

આવું સરસ આયોજન માણવાનો અવસર મળ્યો હતો. જેમાં કુલ ૬ માંથી ચાર ટીમોએ સેમી ફાઇનલ માં ક્વોલિફાય કરેલ છે.

વધુ જણાવતાં આનંદ થાય છે કે યુવક મંડળ દ્વારા સમાજ ના ૫૦ વર્ષ થી ઉપરની ઉમરવાળા વ્યક્તિઓની પણ બે ટીમો રમાડવામાં આવશે. તેઓ નો મેચ, ૨ સેમિફાઇનલ, અને ફાઇનલ મેચ પણ આવતા રવિવારે રમાડવાનું આયોજન કરવામાં આવેલ છે.

સંકલનપ્રવક્તા (PRO)ચેતન પોકાર (રાજકોટ વેસ્ટ)
સૌરાષ્ટ્ર રીજીયન

રાયપુર સમાજ માં ધર્મસભાનું આયોજન

પ.પૂ. ભારતી દીદી બડવાહ આશ્રમ પ.પૂ.નમસ્વીદીદી ..

ગંગદેવજી વિરક્ત સાધુ મંડળી સાથે જગન્નાથ પુરીથી પરત બડવાહ પ્રસ્થાન કરતા રાયપુર મધ્યે બે દિવસ રોકાણ કરેલ અને તારીખ ૩૦/૧૨/૨૦૨૧ ના શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ રાયપુર ખાતે બપોર પછી ૩:૩૦ કલાકે વિરાટ ધર્મસભાનું આયોજન કરેલ અને સર્વે સંતો તથા પૂજ્ય દીદી ના મુખારવિંદ થી સનાતન ધર્મ અને સંસ્કારો વિષે ખુબજ વિસ્તારથી સમજણ પાડેલ અને ખોટા રિવાજો અને દુષણો ન પ્રવર્તે તેના ઉપર ભાર મુકેલ અને વ્યસનો ન કરવા બહુજ ભલામણ કરેલ.

પૂજ્ય દીદી અને સંતો ના ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.

રાયપુર સમાજના પ્રમુખશ્રી મોહનભાઈ છાભૈયા તથા તેમની ટિમ, રાયપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઉર્મિલાબેન નાકરાણી તથા તેમની ટિમ,રાયપુર યુવામંડળના પ્રમુખશ્રી હરસુખભાઈ રૂડાણી, છત્તીસગઢ ઝોન સમાજ પ્રમુખશ્રી કાંતિભાઈ લીંબાણી અને મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી વિજયાબેન બાથાણી તેમજ યુવાસંઘ રિજીયન ચેરમેનશ્રી કિશોરભાઈ નાકરાણી તથા સમાજના આદરણીય વડિલો અને જ્ઞાતિ ગંગા ઉપસ્થિત રહી ધર્મસભાને ખૂબ જ સફળ બનાવેલ.

ધર્મસભાનું સફળ સંચાલન ઝવેરભાઈ રામાણી અને સમાજના મહામંત્રી નરસિંહભાઈ વેલાણી દ્વારા કરવામાં આવેલ..

ગાંધી સ્કૂલ કપડવંજના વિદ્યાર્થી વિજ્ઞાનમેળા માં પ્રથમ

અગત્સ્ય ફાઉન્ડેશન દ્વારા રાજ્ય કક્ષાએ જિજ્ઞાસા સાયન્સ મોડલ મેકિંગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગ સ્વરૂપે ૨૫૦ સ્કૂલોએ ભાગ લીધો. જેમાં પ્રથમ રાઉન્ડમાં ૫૦ અને બીજા રાઉન્ડમાં ૬ વિવિધ કૃતિઓની પસંદગી થઈ અને આ સ્પર્ધામાં કપડવંજ લાટીબજાર સમાજનો દીકરાએ શ્રીમતી ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ કપડવંજનું પ્રતિનિધિત્વ કરી ધોરણ ૧૦ ના વિદ્યાર્થી વાલાણી પ્રીત સુરેશભાઇ " ઓશોન થર્મલ એનર્જી કનવર્ઝન પ્લાન્ટ" વિષય ને ધ્યાનમાં રાખી પોતાની કૃતિ તૈયાર કરી ભાગ લીધો. જેમાં તેમની કૃતિ 'પ્રથમ નંબરે' આવી. આગામી દિવસોમાં આ કૃતિ નેશનલ કક્ષાએ ભાગ લેશે.

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સ્વાસ્થ્ય સુરક્ષા અભિયાન નો પ્રારંભ- મેઘપર ગાંધીધામ.

યુવાસંઘ પૂર્વ કચ્છ રિજીયન માં ગત રોજ મેઘપર બોરેચી સમાજ ખાતે યુવાસંઘ પૂર્વ કચ્છ રિજીયન હેલ્થ એન્ડ ડીઝાસ્ટર ટીમ દ્વારા સ્વાસ્થ્ય સુરક્ષા અભિયાન ના આ બીજા કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં ૧૦૭ વ્યક્તિના બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા,

હેલ્થ એન્ડ ડીઝાસ્ટર મિશન રિજીયન કન્વીનર ડો.રતનભાઈ ગોગારી, જગદીશભાઈ લીંબાણી, વંસતભાઈ પદમાણી, જયેશ ભાદાણી, સ્થાનિક સમાજના પ્રમુખ જેન્તીભાઈ પોકાર, ઉ.પ્રમુખ કાન્તિભાઈ જબુઆણી, મંત્રીશ્રી અશોકભાઈ છાભૈયા, યુવક મંડળ પ્રમુખશ્રી કિશોરભાઈ પોકાર, ઉપ પ્રમુખ જગદીશભાઈ લીંબાણી આ સર્વે મહાનુભવોની ઉપસ્થિતિ મા આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જીતેશ હળપાણી **PRO** યુવાસંઘ પૂર્વ કચ્છ રિજીયન

માનવતા નો ગૌરવ એવોર્ડ

સ્વ:- લોપા મણીલાલ દડગા ઉ.વ.:- ૩૭ ગામ:- મોમાઈમોરા હાલે :- ઘાટકોપર (મુંબઈ)

તેઓ તારીખ ૨૭-૧૨-૨૦૨૧ ના સોમવારના સવારે ૨.૩૦ કલાકે રામસરણ પામેલ છે. લોપાબેન નું મરણોપરાંત દેહદાન કરવા માં આવેલ છે જે સમગ્ર જ્ઞાતિજનો માટે સાચેજ એક પ્રેરણાપુંજ બન્યા છે. લોપાબેન દ્વારા દેહદાનનો સંકલ્પ ખૂબજ નાની ઉમર માં કરેલ અને ઈશ્વર એ એમના એ સંકલ્પને પ્રાર્થના સ્વરૂપ સ્વીકાર કરી એમના માનવજીવન ધર્મને સાર્થક કરેલ..

આજે લોપાબેન કેટલાક એવા મેડિકલ સ્ટુડન્ટ જે ભવિષ્યના રિસર્ચ અને અન્વેષણમાં ખરા ઉતરવા માટે ડોકટર બનવાની પ્રેક્ટિસ કરી રહ્યા છે તેમના માટે ખરેખર ઈશ્વરનું વરદાન સાબિત થઈ રહ્યા છે..

લોપાબેનને ખરા અર્થમાં શ્રધાંજલિ ત્યારેજ આપી શકાશે જ્યારે આપણે સહુ એમના દ્વારા દર્શાવેલ માર્ગ પર ચાલવા માટે સંકલ્પીત થઈશું.

આવા ઓર્ગન અને અંગદાન માટે આપ નો સંકલ્પ જરૂર કરશો

હેલ્થ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટિમ આજે સાચેજ લોપાબેન નાં આ ઉત્કૃષ્ટ કાર્ય બદલ ખરા હૃદયથી એમને શત શત નમન કરે છે..વંદન કરે છે ...

એમના આત્માની શાંતી માટે પ્રાર્થના કરે છે. ૐ શાંતિ

સંપર્કસૂત્ર:- પીનલ :- ૯૭૭૩૩૯૨૧૯૧ સંજય :- ૯૮૬૭૯૮૭૧૫૭

શ્રીસમાજ પ્રચાર અને પ્રસાર ટીમ આ ઉમદા કાર્ય માટે સહુનું અભિવાદન કરે છે.



આરોગ્ય માટે ઉપયોગી એમ્બ્યુલન્સ જનહિતાય આમદાર ચન્દ્રેસભાઈ રૂડાંણી દ્વારા અર્પણ

જલગાંવ સમાજ ના ચંદ્રેશભાઈ વિશ્રામભાઈ રુડાની, કચ્છમા દેવપર ના, જેઓ આપણાં કચ્છ કડવા પાટીદાર સમાજ માંથી મહારાષ્ટ્ર રાજ્ય ના MLC છે, તેઓએ આમદર ફંડ જે ધારાસભ્ય ને સર્વાંગી ઉપયોગ માટે વાપરવા મળતા ફંડ માંથી જલગાંવ જિલ્લામાં ઘણું ડેવલોપમેન્ટ કર્યું છે. તેઓએ ૩૦ ડીસેમ્બર ૨૦૨૧ ના આમદર ફંડનો સદઉપયોગ કરીને જલગાંવ મહાનગરપાલિકાને અદ્યતન એમ્બ્યુલન્સ ની આમ જનતા માટે અર્પણ કરી છે.

ચંદ્રેશભાઈ ધારાસભ્ય ફંડ માંથી જલગાંવ ને આવી સુવિધાઓ જનતાના લાભાર્થે અર્પણ કરેલ છે.

સંયોજક:રંજનબેન ભાવાણી, જલગાવ

ભાવભીની શ્રદ્ધાંજલી-સનાતન ધર્મ પત્રિકા

તા: ૨૯/૧૨/૨૧
સ્વ: દયારામભાઈ ખેતાભાઈ છાભૈયા. ઉ વ: ૭૦.
હાલ:- દહેગામ. કચ્છ માં ભડલી.
કારણ:- ટુકી બિમારી

સ્વ લખમા બેન શામજીભાઈ વાડીયા. ઉ વ:- ૯૮.
હાલ:- પાલીતાણા. કચ્છ માં ખોંભડી.
ઉમર ના કારણે.

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

તારીખ ૩૦.૧૨.૨૦૨૧
સ્વ: શંકરભાઈ (હીરાલાલ) રતનશીભાઈ માંકાણી ઉમર વર્ષ:૫૬
કચ્છ માં ગામ નેત્રા (માતાજીના)(સ્થાનિક)

પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્મા ને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના, શ્રી સમાજ સનાતન ધર્મ પત્રિકાની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવ પૂર્ણ શ્રદ્ધાંજલિ ૐ શાંતિ શાંતિ શાંતિ ....

સ્નેહમિલન સંગ ચિંતન સભા

તા. ૨.૧.૨૦૨૨, રવિવાર

નિમંત્રણ

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનના ટ્રસ્ટીગણ, હોદ્દેદારો, કારોબારી સભ્યો, ઉમિયા માતાજી ટ્રસ્ટ વાંઢાય, કેન્દ્રિય સમાજ-નખત્રાણા,દરેક ગામની સમાજ,યુવક મંડળ, મહિલા મંડળ અને કચ્છ યુવા સંઘના પ્રમુખો અને મંત્રીઓ તેમજ સંસ્કારધામના ગામેગામના પાંચ પ્રતિનિધિઓને ખાસ પધારવા ભાવભર્યું આમંત્રણ છે

સમય : સવારે ૯.૦૦ કલાકે
સ્થળ : સંસ્કારધામ, દેશલપર (કચ્છ)

નિમંત્રક
પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી
શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન, દેશલપર